R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ, પી.ટી.કોલેજરોડ,નારાયણનગર, પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 21•ISSUE: 06 DATE: 11-02-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## સરકારની નીતિની ટીકા કરનારા સરકારી કર્મચારીઓ સામે શિસ્તભંગના પગલાં ભરાશે : નાણાં મંત્રી અરુણ જેટલી



કેન્દ્રીય નાણાં મંત્રી અરુણ જેટલીએ સરકારની નીતિઓની ટીકા કરનારા સરકારી કર્મચારીઓ સામે પગલાં ભરવા ચેતવણી આપી હતી અને કહ્યુ હતું કે આવા સરકારી કર્મચારીઓ વિરુધ્ધ શિસ્તભંગના પગલાં ભરવામાં આવશે.નાણાંમંત્રીના વડપણ હેઠળની જીએસટી કાઉન્સિલે લીધેલા કેટલા નિર્ણયો સામે સેન્ટ્રલ બોર્ડ ઓફ એકસાઇઝ એન્ડ કસ્ટમના કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરી રહેલા સંગઠનો વિરોધ કરી રહ્યા છે. ત્યારે જેટલીની ચેતવણી મહત્વની બની ગઇ છે.

નાણાંમંત્રાલયે તાજેતરમાં એક આદેશમાં કહ્યુ હતું કે અગાઉ પણ કહેવામાં આવ્યું છે કે સરકાર અને તેની નીતિઓ અંગે વિપરિત ટિપ્પણી કરવાથી દુર રહેવું. જો આમ નહીં થાય તો શિસ્ત ભંગના યોગ્ય પગલાં લેવામાં આવશે.આ આદેશમાં નિયમ પણ ટાંકવામાં આવ્યો છે.જે મુજબ કોઇપણ સરકારી સેવક સરકારના પગલાં કે તેની નીતિની વિપરિત ટીકા કરી ન શકે.

ઉલ્લેખનીય છે કે કસ્ટમ અને સેન્ટ્રલ એક્સાઇઝ વિભાગમાં કામ કરતાં ઈન્ડીયન રેવન્યુ સર્વીસ, સેન્ટ્રલ એકસાઇઝ ગેઝેટેડ એક્ઝીક્યુટીવ્સ ઓફિસર્સ,સેન્ટ્રલ એકસાઇઝ ઈન્સપેકટર્સ એસો.સહિતના એસોસિયેશનના સભ્યોએ જીએસટી કાઉન્સીલના કેટલાક નિર્ણયોનો પ્રતિકાત્મક વિરોધ કર્યો હતો.આ અંગે સંપર્ક કરાતાં આઇઆરએસ ઓફિસર્સ એસો.ના પ્રમુખ અનુપ શ્રીવાસ્તવે કહ્યુ હતું કે તેના સભ્યો સરકારની નીતિઓના વિરોધમાં કંઇ જ નથી કહી રહ્યા

## ટ્રમ્પના આદેશ સામે ગુગલ,ફેસબુક સહિતની ૯૭ કંપનીઓ કોર્ટમાં પહોચી

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સાત મુસ્લીમ દેશોના નાગરિકોને અમેરિકામાં પ્રવેશતા રોકવા માટે આપેલા આદેશ સામે ગુગલ,ફેસબુક સહિતની ૯૭ કંપનીઓ કોર્ટમાં ગઇ હતી.ટેકનોલોજી જગતની દિગ્ગજ માઇક્રોસોફ્ટ, એપલ અને ગુગલ સહિત સિલિકોન વેલીની ૯૭ કંપનીઓએ ટ્રમ્પના આદેશને પડકાર્યો હતો.તેમણે પીટીશનમાં કહ્યુ હતુ કે ટ્રમ્પે જે નિર્ણય લીધો છે તે અમેરિકાના બંધારણનું સરેઆમ ઉલ્લંઘન છે.અદાલતમાં દાખલ કરવામાં આવેલા દસ્તાવેજો પ્રમાણે અમેરિકામાં પ્રવેશના નિયમોમાં અચાનક ફેરફારને કારણે અમેરિકી કંપનીઓને બહુ મોટુ નુકશાન પહોચ્યુ છે.કોર્ટે અગાઉ ટ્રમ્પના આદેશોને લાગુ કરવાનો ઈન્કાર કરી દીધો છે. ટ્રમ્પે આ આદેશ અંગે એવો બળાપો ઠાલવ્યો હતો કે અમેરિકામાં કશું થાય તો તેની જવાબદારી કોર્ટની રહેશે.આ અંગેનો કેસ લડવા માટે કર્મચારીઓ પાસેથી મોટું ફંડ પણ લેવાયું છે.

## મતદાન નહીં કરનારને સરકારને પ્રશ્ન કરવાનો હક્ક નથી : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે ટકોર કરી હતી કે જે લોકો મતદાન કરતા નથી તેમને સરકારને પ્રશ્ન કરવાનો હક્ક નથી કે સરકારને દોષિત ઠેરવવાનો પ્રશ્ન જ નથી.અરજદારે કહ્યુ હતું કે તેણે કદી મતદાન કર્યુ નથી.ન્યાયમુર્તિ જે.એસ.ખહેરના અધ્યક્ષપદે બનેલી બેન્ચે તે તબક્કે કહ્યુ હતું કે દબાણ દુર કરવાના આદેશ પસાર નથી કરી શકતી. મુખ્ય ન્યાયમુર્તિ ખેહરે કહ્યુ કે દરેક વાતે સરકારને દોષિત ઠેરવી ના શકાય. જે વ્યક્તિ મતદાન કરતી નથી તેને સરકારને પ્રશ્ન કરવાનો અધિકાર નથી.કોર્ટે જણાવ્યુ હતું કે દિલ્હીમાં બેસીને દબાણ જેવા મુદ્દા પર ધ્યાન આપવું મુશ્કેલ હોય છે.દબાણના મુદ્દે હાઇકોર્ટમાં અરજી દાખલ થઇ શકે છે.

દિલ્હીના અરજદાર સ્વૈચ્છિક સંગઠન વોઇસ ઓફ ઈન્ડીયાઝ ના વકીલ ધનેશ ઇશધને રજુઆત કરી હતી કે સરકાર દબાણ દુર કરવા કોઇ પગલાં લેતી જ નથી. બેન્ચે તેમને પ્રશ્ન કર્યો હતો કે તેમણે કદી મતદાન કર્યુ છે? જવાબમાં ઇશધને કહ્યુ કે પ્રમાણિકતાથી કહુ છું કે જીવનમાં કદી મતદાન કર્યુ નથી. બેન્ચને ગુસ્સો આવતાં કહ્યુ હતું કે તમે મતદાન કરતાં નથી તો સરકારને સવાલ કરવાનો કે દોષિત ઠેરવવાનો અધિકાર જ નથી.સુપ્રીમ અતિક્રમણને સંપુર્ણ રીતે દુર કરવાના આદેશ કરી શકે તેમ નથી.કારણકે આદેશ થશે તો કોર્ટના તિરસ્કારના કેશ ઉભા થવા લાગશે જે સુપ્રીમ માં સંભવ નથી. તમે હાઇકોર્ટમાં જઇ શકો છો.

## કેન્દ્રીય મંત્રી કિરણ રીજ્જુ ના ચુંટણી ટાણે કરેલા નિવેદનથી વિવાદ વકર્યો

કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી કિરણ રીજજુએ ભારતમાં હિન્દુઓની વસતીમાં ઘટાડો થઇ રહ્યો છે જ્યારે લઘુમતીઓની સંખ્યા વધી રહી છે તેવું નિવેદન કરતાં વિવાદ ફાટી નીકળ્યો હતો.તેમણે ટ્વીટ કર્યુ હતું કે હિન્દુ વસતી ભારતમાં ઓછી થઇ રહી છે, કેમકે હિન્દુઓ ક્યારેય ધર્મ પરિવર્તન કરતા નથી. જ્યારે લઘુમતીઓની જનસંખ્યા આસપાસના દેશોના મુકાબલે વધી રહી છે.રિજજુની આ ટ્વીટને ઉત્તર પ્રદેશની ચુંટણી સાથે જોવાઇ રહી છે.કોંગ્રેસે આરોપ મુક્યો છે કે મતોનું ધ્રુવી કરણ કરવાના આશયથી જ મંત્રીએ નિવેદન કર્યુ છે.

રિજજુએ કોંગ્રેસના હવાલાથી છપાયેલા એ સમાચાર અંગે આ પ્રતિક્રિયા આપી હતી કે જેમાં જણાવાયું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર અરુણાચલ પ્રદેશને હિન્દુ બહુમતી ધરાવતા રાજ્યમાં તબદીલ કરવાની કોશીસ કરી રહ્યા છે. તેમણે એ સમાચારની ક્લીપીંગ પણ ટ્વિટર પર પોસ્ટ કરી હતી.રિજજુએ કહ્યુ હતું કે કોંગ્રેસે આ રીતે ઉશ્કેરણીજનક નિવેદન ન આપવું જોઇએ. ભારત એક ધર્મનિરપેક્ષ દેશ છે.અહીં તમામ ધાર્મિક સમુહોને સ્વતંતર્તા પ્રાપ્ત છે અને તેઓ શાંતિથી અહીં રહે છે.કોંગ્રેસ કહ્યુ હતું કે ચુંટણી વખતે મંત્રીએ કરેલા આ નિવેદનની પંચે નોંધ લેવી જોઇએ. અને તેમની સામે ફરિયાદ નોધવી જોઇએ. ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાઓ ટાંકીને કોંગ્રેસના પ્રવક્તા મનીષ તિવારીએ કહ્યુ હતું કે હિન્દુઓ કરતાં દેશમાં અન્ય ધર્મના લોકોનું પ્રમાણ ઘટ્યું છે.

## ૧ એપ્રિલથી નવો નિયમ અમલી બનશે. રૂ.૩ લાખથી વધુ રોકડ સ્વીકારનાર પાસેથી ૧૦૦ ટકા દંડ વસુલ કરાશે

નોટબંધી કર્યા બાદ સરકારે અનેક નવા નિયમો બહાર પાડ્યા.ખરેખર કાળા નાંણા અને નકલી નોટોનો કારોબાર બંધ કરવાની નેમ સાથે અમલમાં મુકાયેલ નોટબંધીને કારણે દેશમાં વ્યવહારો ખોરવાઇ ગયા હતા. હવે માંડ કંઇક વેપાર ધંધા ચાલુ થવા માંડ્યા છે ત્યાં સરકારે રુ.૩ લાખથી વધુની રોકડ સ્વીકારનાર વ્યક્તિ પાસેથી ૧૦૦ દંડ લેવાની આકરી શરતો અમલમાં મુકવા જઇ રહી છે.વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં રુ. ૩ લાખથી વધુ રોકડ વ્યવહારો પર પ્રતિબંધની દરખાસ્ત કરવામાં આવી છે.અઢિયા મહેસુલ સચિવે કહ્યુ હતુ કે જે વ્યક્તિ ચાર લાખ રોકડ સ્વીકારે તો તેણે ચાર લાખ અને જેણે ૫૦ લાખ રોકડ સ્વીકારી હોય તેની પાસેથી ૫૦ લાખનો દંડ વસુલાશે.દંડ જેમણે આવી રકમ સ્વીકારી હશે તેની પાસેથી લેવામાં આવશે.

તેમણે કહ્યુ હતું કે તમે કોઇ મોંઘી ઘડિયાળ રુ.૩ લાખથી વધુની રોકડ આપી ખરીદો તો ૧૦૦ ટકા દંડની રકમ ઘડિયાળ વેચનાર દુકાનદાર પાસેથી લેવામાં આવશે. લોકો મોટી રકમની રોકડમાં લેવડદેવડ ન કરે તે માટે આ જોગવાઇ કરાઇ છે.નોટબંધી પછી લાખો લોકોના ખાતામાં કાળા નાંણા જમા થયા છે.તેમની સામે પગલાં લેવાઇ રહ્યા છે.સરકાર ભવિષ્યમાં બ્લેક મનીનું સર્જન ન થાય તે માટે પગલાં લઇ રહી છે.જો કે ૩ લાખથી વધુની રોકડ લેવડદેવડનો નિયમ સરકારી ખાતાઓ,કોઇપણ બેન્કીંગ કંપની,પોસ્ટ ઓફીસ બચત ખાતાં અને સહકારી બેન્કોને લાગુ પડશે નહી.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

તામીલનાડુના રાજકારણમાં અમ્માના નિધન પછી તેના સૌથી વિશ્વાસુ સાથી પનીરસેલ્વમને મુખ્યમંત્રી પદનો તાજ સોપી દેવાયો પરંતુ તે માત્ર દેખાવ પુરતો જ લાગી રહ્યો હતો.શશીકલા નામની મહિલાએ ત્યારબાદ પક્ષનું સુકાન હાથમાં લેવાના ચક્રો ગતિમાન કર્યા ત્યારથી એવું લાગી રહ્યુ હતું કે હવે પનીર સેલ્વમનો તાજ ઝુટવી લેવાશે.જ્યારે જ્યારે મહિલાઓ સત્તા માટે મેદાનમાં આવી છે ત્યારે તેણીએ તેની આજુબાજુ ના વિદ્રોહીઓ કે વિરોધીઓને ગણી ગણીને સાફ કરી નાંખ્યા છે.માત્ર હજુરીયાઓ જ રહી જાય અને તે તેમની ભક્તિ કરતાં રહે. આ દેશની એક ફિતરત રહી છે કે અહીંયા હજુરીયાઓની જમાતનો તોટો નથી.હજુરીયાથી વધુ આગળ કહીએ તો તેમનામાં અંધશ્રધ્ધા રાખનારાઓની જમાત.માત્ર અને માત્ર તેમના ગોડફાધર સિવાય અન્ય કોઇ નહી. તેમના વિરુધ્ધ કોઇપણ કાર્યવાહી કે વાણી ,વિરોધ આ જમાત સ્વીકારકતી નથી.અને જયલલિતાના નિધન બાદ શશીકલાએ આવી એક જમાત ઉભી કરી નાંખી જે તેમની પાછળ ઉભી રહે.લોકશાહીમાં સહુ મોટો ખતરો આ જમાતનો છે.જ્યા આવી જમાત હોય ત્યાં લોકશાહી ભારે ખતરામાં આવી જાય. આખરે પક્ષના નેતા તરીકે શશીકલાએ પોતાનુ વર્ચસ્વ સ્થાપી દીધુ અને હવે તેના માટે પનીર સેલ્વમને રાજીનામુ આપી દેવા સિવાયનો કોઇ વિકલ્પ બચ્યો જ નહી.મતલબ એ થયો કે રોયલી કિક આઉટ.

હવે શશીકલા ક્યારે કેવા ચોઘડીયામાં મુખ્યમંત્રી તરીકેના સોગંદ લે તે નકકી કરાશે.જો કે તામીલનાડુમાં જયલલિતાની જે આભા અમ્મા તરીકે ઉભી થઇ છે અને અમ્માના ચાહકોની એક અંધશ્રધ્ધાળુ જમાત ઉભી થયેલી તેવી શશીકલા ઇમેજ ઊભી કરી શકે કે કેમ તે સવાલ છે.જો શશીકલાની મુખ્યમંત્રી થવાના સ્વપ્નાની આડે હજુ કેટલીક મુશ્કેલીઓ છે. તેમના પક્ષમાં જ અસંતોષ છે જે જાહેરમાં વ્યક્ત થતો નથી.પરંતુ જયલલિતાના સમર્થકો પણ શશીકલા ને ચાહતા નથી કે તે મુખ્યમંત્રી બની શકે. કમલ હસન અને રજનીકાંત જેવા તામીલનાડુમાં વર્ચસ્વ ધરાવતા ફિલ્મી કલાકારોએ પણ શશીકલાની વિરુધ્ધ પોતાનો મત વ્યકત કર્યો છે.સમય બતાવશે કે શું થશે ?

## મંતવ્ય

ઉત્તરપ્રદેશ,પંજાબ,ગોવા વિગેરે રાજ્યોમાં ચુંટણીઓ પુરજોશમાં ચાલી.કેટલાક રાજ્યોમાં પુરી પણ થઇ ગઇ.મુખ્ય રાજ્ય યુ.પી.માં તમામ રાજકીય પક્ષો પોતાની પુરી તાકાત લગાડીને જીતવાની કોશીશમાં લાગ્યો છે.સત્તા પર બેઠેલા સત્તાધીશો પણ પુરી તાકાત લગાવી રહ્યા છે.વડાપ્રધાને તો લોકોને ચુંટણીના ટાણી ધમકીઓ પણ આપવાની શરુ કરી દીધી.તમારી કુંડળી મારી પાસે છે એટલ અમે ધારીએ તેમ કરી શકીએ છીએ.એવો એમનો કહેવાનો ભાવાર્થ છે. પરંતુ એ ભુલી જાય છે કે તેમની કુડળીમાં પણ એવી અનેક બાબતો છે અને આવશે જે તેમને માટે પણ મુશ્કેલ રુપ બની શકે છે.છળ,કપટ,શામ,દામ,દંડ ભેદ વિગેર અજમાવીને સત્તા પર ચઢી બેઠેલાઓએ જાણવું જોઇએ કે પ્રજા તેમને કદી માફ કરતી નથી. રમેશભાઇ પી. ભાવસાર

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# સાત મુસ્લીમ દેશોના મુસ્લીમ શરણાર્થીઓને યુ.એસમાં પ્રવેશ પ્રતિબંધ ફરમાવતા નવા ચુંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સામે કોર્ટનો સ્ટે




અમેરિકાના નવા ચુંટાયેલ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશમાં શરણાર્થીઓના પ્રવેશ પર પ્રતિબંધ મુકવા અને સાત મુસ્લીમ દેશો - ઇરાન,ઇરાક,લીબીયા, સુદાન, સોમાલીયા,સીરીયા અને યમનથી આવતા નાગરિકો માટે આકરા નિયમો પર હસ્તાક્ષર કર્યા છે.ટ્રમ્પે કહ્યુ હતું કે તેઓ કટ્ટરપંથી ઇસ્લામિક આતંકવાદીઓથી અમેરિકાને સલામત રાખશે.આવા લોકોને દેશમાં પ્રવેશ કરવા દેવાશે નહીં.ખ્રિસ્તીઓને પ્રવેશમાં પ્રાથમિકતા અપાશે.જોકે ગુગલના સીઇઓ સુંદર પીચાઇએ ટ્રમ્પના વિવાદાસ્પદ ઇમીગ્રેશન ઓર્ડરની ટીકા કરી હતી.તેમના ટ્રાવેલીંગ સ્ટાફને અમેરિકા પાછા આવી જવાની સુચના આપી હતી.પિચાઇએ કહ્યુ છે કે ટ્રમ્પના આ નિર્ણયને કારણે અમેરિકામાં વિશ્વનું ટેલેન્ટ નહીં આવે.આ આદેશ બાદ સાત મુસ્લીમ દેશો ઇરાન,ઇરાક, લીબીયા, સોમાલીયા, સુદાન,સીરીયા અને યમનના નાગરિકો પર વિઝા નિયંત્રણ મુકી દેવાયું છે.અમેરિકામાં ૧૨૦ દિવસ માટે તમામ શરણાર્થીઓનો પ્રવેશ સ્થગિત કરાયો છે તો મુસ્લીમ દેશોમાંથી આવતા લોકોની ચકાસણી માટે એક નવી સિસ્ટમ મુકાશે અને ધાર્મિક રીતે લઘુમતીઓને વધુ મહત્વ અપાશે.

મધ્યપુર્વના દેશોમાંથી ખ્રિસ્તીઓ શરણાર્થી તરીકે આવે તો તેમને પ્રવેશ માટે પ્રાથમિકતા અપાશે કે કેમ તેવા એક સવાલનો જવાબ તેમણે હકારમાં આપ્યો હતો.ટ્રમ્પના આદેશ બાદ પેન્ટાગોએ કહ્યુ છે કે આ એક મોટું પગલું છે. અમેરિકામાં વિદેશી આતંકવાદીઓને ઘુસવાથી અટકાવવા માટે આવું કરવામાં આવ્યું છે.વિશ્વભરમાંથી ટ્રમ્પ દ્વારા લેવાયેલ નિર્ણયો બાબત ભારે ટીકાઓ થઇ રહેલી છે.

આ ઉપરાંત ટ્રમ્પ દ્વારા લેવાયેલા નિર્ણયોમાં એચ૧બી વિઝા પર અંકુશ આવવાને કારણે યુએસમાં નોકરી માટેનું સ્વપ્નું સેવતા લોકો માટે તકલીફો ઉભી થશે.એચ૧બી વિઝાની શરતો કડક કરવા માટેનું બીલ પસાર થઇ ચુક્યું છે.જેની અસરો ભારતીય આઇટી પ્રોફેશનલ્સ ઉપર વધુ પડશે.ભારતના સોફ્ટવેર નિષ્ણાંતો માટે કટોકટીનો સમય ઉભો થયો છે.અમેરીકી સંસદમાં જેવું આ બીલ દાખલ કરવામાં આવ્યું કે તુરત જ આઇટી કંપનીઓના શેરોમાં ભારે પછડાટ આવી હતી.આઇટી કંપનીઓના શેરોના ભાવો ગગડી ગયા હતા.બિલમાં એચ૧ વીઝા માટે લઘુત્તમ વેતન મર્યાદા બેગણી થી વધુ વધારતાં ૧,૩૦,૦૦૦ ડોલર કરવામાં આવી.હાલમાં આ મર્યાદા ૬૦,૦૦૦ડોલરની હતી.આનાથી કંપનીઓને અમેરિકી કર્મચારીઓની જગ્યાએ ભારત સહિત અન્ય દેશોમાંથી આવતાં વ્યવસાયિકોને જાળવવાનું મુશ્કેલ બની જશે.

કેલીફોર્નિયાના સાંસદ જોએ લોફગ્રેને આ બિલ અમેરિકાની સંસદમાં રજુ કર્યુ હતું.આ બિલના કારણે આઇટી શેરમાં ૩૩,૦૦૦કરોડનું ધોવાણ થયું છે.આમ યુ.એસના નવા આવેલા પ્રમુખના કારણે આખા વિશ્વના નકશા પર અફરા તફરીનો માહોલ ઉભો થયો છે.જો કે આવા હુકમની સાથે એરપોર્ટ પર અનેક લોકોને રોકી નાંખવામાં આવ્યા હતા.પરિણામે ભારે હોબાળો મચ્યો.દેશ વિદેશમાં ટ્રમ્પના નિર્ણયની ભારે ટીકા કરવામાં આવી. પ્રમુખના નિર્ણય સામે કોર્ટમાં કેસ કરવામાં આવતા હાલ પુરતો સ્ટે મળી ગયો હોવાથી તાત્કાલિક રાહત પહોંચી છે.પરંતુ અમેરિકાના પ્રમુખ તેમના નિર્ણયને વળગી રહેશે એમ મનાય છે.

# અર્થતંત્રની હાલત ખરાબ,બેરોજગારી વધી,નવું મુડીરોકાણ નથી આવ્યું, આંકડાઓમાં ફેરફાર કરીને જીડીપી વધારીને બતાવતી હાલની સરકારની છેતરામણી : પુર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહ

કોગ્રેસે બજેટ પહેલાં કેન્દ્ર સરકાર પર મોટો હુમલો સાધતાં સરકાર પર આર્થિક મોરચે નિષ્ફળ ગઇ હોવાનો આરોપ મુક્યો હતો.એક આરહ્થિક દસ્તાવેજ રજુ કરતાં આર્થિક મોરચે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. તે સાથે જ કોગ્રેસે વિજય માલ્યા સાથે પુર્વ પીએમ મનમોહનસિંહ અને પુર્વ નાણાંમંત્રી પી.ચિદમ્બરમ વચ્ચે થયેલ પત્રવ્યવહારના બીજેપીના આરોપોનો પણ જવાબ આપ્યો હતો.

પુર્વ પીએમ મનમોહનસિંહે કહ્યુ કે હાલમાં ભારતીય અર્થતંત્રની સ્થિતિ સારી નથી અને હાલની એનડીએ સરકાર આર્થિક મોરચે અસફળ સાબિત થઇ ચુકી છે.પુર્વ નાણાંમંત્રી પી.ચિદમ્બરમે કહ્યુ કે અમારા દ્વારા જે દસ્તાવેજો રજુ કરવામાં આવે છે તેમાં ભારતની અર્થવ્યવસ્થાની હાલત વિશે ચર્ચા કરવામાં આવી છે.આ અહેવાલ સંશોધનો અને આર્થિક આંકડાઓ સાથે એ વાત સાબિત કરે છે કે સરકાર લોકોને ભ્રમમાં ના રાખે.

જ્યારે માલ્યાને મદદ કરવાના બીજેપીના આરોપો વિશે મનમોહનસિંહે કહ્યુ કે તે બધા સામાન્ય પત્રો હતો અને તેમાં કાંઇ ખોટું નથી. કે ગેરકાનુની નથી.તેમણે કહ્યુ કે સામાન્ય રીતે ઘણા ઊદ્યોગપતિઓ વડાપ્રધાન કાર્યાલય અને મંત્રાલયોને પત્રો લખતા હોય છે જેને કાર્યવાહી માટે અધિકારીઓને મોકલી આપે છે.દરમિયાન સરકારના દાવાઓ પર સવાલ કરતાં ચિદમ્બરમે કહ્યુ જે રીતે સરકાર પોતાની આર્થિક સફળતાના દાવા કરે છે તો સરકારે એ બતાવવું જોઇએ કે નવી રોજગારીની તકો ક્યાં છે ? નવું મુડી



રોકાણ કેમ નથી આવતું ? બિઝનેસની શક્યતાઓ કેવી રીતે વધશે ? હાલની સરકારને પાછળ રાખી દેવી જોઇએ પણ તેમણે જીડીપીના બેઝ વર્ષ અને આંકડાઓમાં હેરફેર કરીને જીડીપી વધારીને દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# વફાદારી અને નિષ્ઠા મુલ્યો પ્રત્યે હોવી જોઇએ

કોમનમેનને પ્રાણી સાથે સબંધ છે કારણ માણસ પણ બેપગું પ્રાણી છે.કોમનમેનને ગધેડા જેવો છે.એમ ક્યારેક કહેવામાં આવે છે.કાગડાની જેમ કા....કા... કરે છે.હાથીની જેમ ચાલે છે.ગધેડાની જેમ વૈતરુ કરે છે.ગાય જેવો ગરીબ છ. પાડાની જેમ પડી રહે છે.કે ભેંસ જેવી જાડી છે. આમ વિચિત્ર પ્રાણી સાથેના આવા સબંધથી કોમનમેનનું હુબહુ વર્ણન કરીને ઘણા લેખકો નામના પામ્યા હશે.સમગ્ર પ્રાણીસૃષ્ટિ વિશે વાત કરવાને બદલે આજે તો માત્ર કુતરાની વાત કરવી છે.ગુરુ દત્તાત્રયે કુતરાને ગુરુ તરીકે સ્વીકારેલ તેનુ કારણ તેની સ્વામિભક્તિ હતી. આજે તો ચાંપલુસી, મસ્કાબાજી કે ફેલટરી જેવા શબ્દો વાપરીને સ્વામી ભક્તિ કે શ્વાનવૃત્તિનું અપમાન કરવામાં આવે છે. તમેજ કહો કે ગુરુ દત્તાત્રયે જે વફાદારી માટે શ્વાનને ગુરુપદે સ્થાપ્યા તેવી વફાદારી માટે માણસે ગાળ ખાવાની ? આ તે ક્યાંનો ન્યાય ?

કાગડા બધે કાળા એવી કહેવત છે તેમ. શ્વાન બધે શાણા. એમ કહી શકાય.કારણકે શ્વાન પુંછડી પટપટાવીને દુશ્મનને ભસીને, માલિકને ચાટીને,લળી લળીને મીઠા સ્પર્શથી માલિકને રીઝવવા માટે પ્રયત્ન કરે છે.પોતાની વફાદારી પ્રગટ કરે છે. અને પોતાના શાણપણ દ્વારા માલિક પ્રત્યે નિષ્ઠા વફાદારી પ્રકટ કરે છે.કોમનમેન પણ આમ જ કરે તો તેને વખોડવાની વાત કરતાં લોકો લાજતા નથી.વફાદારી માણસને સૌથી મહાન ગુણ છે. એને પ્રકટ કરતાં રહેવામાં શાણપણ છે.આથી જ પોતાના નેતાની હાજરીમાં તેને જયજયકાર કરવાનો વણલખ્યો નિયમ તમામ પક્ષોના કાર્યકરો-નેતાઓ પાળે છે.ધર્મના વડાનો પણ એજ રીતે જયજયકાર કરવામાં આવે છે.પક્ષોના અધિવેશન દરમ્યાન નેતાઓના જયજયકાર કરે છે.આવો જયજયકાર એ વફાદારીના ઉદ્‌ઘોષ છે. એ વખાણવાપાત્ર છે, વખોડવાપાત્ર નથી.માટે જ શ્વાન જેવી સ્વામી ભક્તિ કે વફાદારી કોમનમેનનો બંધારણીય અધિકાર છે.

અમદાવાદ શહેરના ઈતિહાસમાં પણ શ્વાન સાથે સબંધ છે.જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહેર બસાયા.અમદાવાદ શહેરના શ્વાન સસલા જેવા નબળા પ્રાણીથી ડરતા હતા.આ ભુમિનું પાણી મજબુત માનવીઓ પેદા કરશે એમ માની બાદશાહે અહમદાબાદ વસાવ્યું. અમદાવાદનો કોમનમેન એ જમાનાાં શ્વાન જેવો જ ડરતો રહે છે.વફાદાર રહે છે.બાદશાહની ઈચ્છા ઝાઝી બર આવ ી નથી.એ કહી શકાય.પોરબંદરનો વાણીયો નામે મોહનદાસ કરમચંદ ગાંધી અહીં અમદાવાદ આવી વસ્યો એની પાછળનું ગંભીર કારણ ઈતિહાસે નોધ્યું નથી.અમદાવાદની જનતાની શ્વાનવૃત્તિ-વફાદારી ઉર્ફે શ્વાનદારી ધન્ય છે. ગાંધીજીની ગુણગ્રાહી વૃત્તિને.

લાંચ-રુશ્વત એ વૈશ્વીક વ્યવહાર છે.આ વ્યવહાર માણસ-માણસ વચ્ચેના સબંધનો હોવા છતાં, શ્વાનને ભાંડવામાં આવે છે.પોતાનુ કામ કઢાવવા કોઇ લાંચ આપે અને અમલદાર લે તે વ્યવહાર થયો. પણ વેપારી પોતાના ચોપડામાં આ ખર્ચ કુતરાના રોટલા ખાતે ઉધારે છે.અહીં કુતરાનો કોઈ વાંક ખરો ? વફાદારીના રોટલા તો મળે જ મળે. અમલદાર કામ કરે તે વફાદારીનુ વળતર આપે તે વફાદારી પ્રગટ કરવાનો પ્રકાર છે.ઈન્ડીયન્સ એન્ડ ડોગ્સ આર નોટ એલાવ્ડ એવું બોર્ડ અંગ્રેજોએ પોતાના કલ્બના દરવાજે લટકાવતા.આની પાછળ કદાચ એવું કારણ હોય કે નજીક આવવાથી શ્વાનો કે ઈન્ડીયનોની વફાદારીનો ચેપ લાગે .ઈન્ડીય શ્વાન કે ઈન્ડીયન કરડવાનો ડર પણ કદાચ કારણભુત હશે આ વિશે ઈતિહાસકારોએ સંશોધન કરવા જેવુ ખરું.

જ્યારે વફાદારી કે શ્વાનદારી વિશે વિચાર કરવાનો હોય ત્યારે લગ્નમાં વફાદારીનો અવશ્ય વિચાર આવે. આ બાબતમાં મર્યાદા પુરષોત્તમ રામ એક પત્નીવ્રત પાળનારા આર્દશ પુરુષ હતા.પણ હવે ધીમે ધીમે લગ્ન સંસ્થામાં આ ગુણને આર્દશ ગણવાને બદલે બંધન ગણવાની ફેશન પ્રવર્તે છે.કેટલાક કિસ્સાં તો ભાદરવા માસે સ્વછંદાચાર કરતા શ્વાન જેવો આચાર કરતાં પુરુષ કે સ્ત્રી સમગ્ર શ્વાન સમાજના સદગુણો પર કલંકની કાલિમા ચોપડે છે. એ શ્વાનદારીના વંશપરંપરાગત વારસાને પણ લાંછન લગાડે છે.નાણા વગરનો નાથીયો. નાણે નાથાલાલ. ની જેમ પુછડી વગનો ડાઘિયો લાગે બાપાલાલ. આમ.બાધા લાગવાનુ કારણ એ કે પુંછડી પટપટાવીને જ વફાદારી દર્શાવી શકાતી હોય છે.પુંછડી પટપટાવવી કે તો સાંકેતિક શબ્દ છે એ માટેના અનેક પ્રકારના હાવભાવ કોમનમેને વફાદારી દર્શાવવા વિકસાવ્યા છે.નોબેલ પુરસ્કાર વિજેતા ગ્રેબ્રિયેલા મિસ્તરોલ નામના કવિયત્રીએ પોતાના પ્રેમીને માટે પ્રાર્થના કરતાં લખ્યુ છે કે હે પ્રભુ, સ્વામીભક્ત કુતરાની જેમ હુ તારા પગ ચાટીશ.કોમનમેન પણ પગ ચાટીને પોતાની વફાદારી સિધ્ધ કરવા તૈયાર હોયછે. કારણ સ્વામી એને માટે પ્રભુનું બીજુ સ્વરુપ હોય છે.

રાજકારણમાં કે નોકરીમાં વફાદારીમાં ગતિશીલતા ગુણ ગણાય છે.આથી જ કહેવાય છે કે ઈન્દ્રાણીને ઈન્દ્રાસન સાથે સબંધ હોય છે.ઈન્દ્ર સાથે નહી.રાજકારણનાં પક્ષપલટા કે જુથ પલટા વાસ્તવિક ઘટના છે.સરકારમાં અધિકારીઓ પણ પ્રધાન બદલાય તેમ વફાદારી બદલતા હોય છે.તેમ કરવામાં જ તેમનું ભલુ રહેલું છે. ચેખોવની એક પ્રસિધ્ધ વારતા રખડતા કુતરા વિશે છે.રખડતું કુતરુ કરડવાની ફરિયાદ થતા કુતરાના માલિકની શોધ ચાલે છે.કુતરાનો માલિક કોમનમેન છે.એમ જણાતાં પોલીસ દબડાવે છે.પણ કોઇક કહે છે કે આ કુતરુ તો પોલીસવડાનું છે ત્યારે તે કુતરાને પ્રેમ કરે છે.અને ફરિયાદીને દબડાવે છે.કુતરાના માલિકી વશે જુદી જુદી માહિતી પ્રમાણે કુતરા પ્રત્યેનું અને ફરિયાદી પ્રત્યેનું પોલીસનું વલણ બદલાય છે.આ પ્રકારની ગતિશીલ વફાદારી કોમનમેનનું લક્ષણ છે.કોમનમેન કંઇ વફાદારીને વફાદાર નથી.પોતાના હિતને વફાદાર છે.સમજ્યા !

કોમનમેનની વફાદારીને અને શ્વાનની સ્વામીભક્તિના સબંધ વિશે આટલી વિશદ ચર્ચા કર્યા પછી હવે શ્વાન વિશેની કેટલીક કહેવતો : દરેક કુતરો પોતાની ગલીમાં સિંહ હોય છે. માનવી અને કુતરાની લડાઈમાં પ્રથમ બટકું ભરવાનો હક્ક કુતરાને છે.દરેક કુતરો સાથે સુવે તેમણે જુ સાથે ઉઠવાની તૈયારી રાખવી. ઘણીવાર સારુ હાડકુ નબળા કુતરાના મોમાં જઇ પડતું હોય છે. બુઢ્ઢા કુતરો નવી ટ્રીકો શીખવાડી શકાતી નથી.ગમાણનો કુતરો નખાય, ન ખાવા દે. મને પ્રેમ કરો, મારા કુતરાને પ્રેમ કરો.

હસમુખ પટેલ(સૌ. સંદેશ)

# પત્રકારોની સરખામણી ડાકણ સાથે કરતાં કેન્દ્રીય કૃષિ મંત્રી રાધામોહન

કેન્દ્રમાં કૃષિ મંત્રી અને વડાપ્રધાનના સમીપોમાં જેમનુ નામ લેવાય છે તેવા રાધા મોહન સિંહે પત્રકારોને તેમની આંખો કાઢી લેવાની ધમકી આપી હતી.મંત્રી આટલેથી ના અટકતાં તેમણે પત્રકારોની સરખામણી ડાકણ સાથે કરી હતી. કૃષિ મંત્રીએ આ ધમકી તેમના સંસદીય મતવિસ્તાર મોતિહારીમાં આપી હતી જ્યાં તેઓ વિશ્વવિદ્યાલયના એક કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા.કાર્યક્રમમાં અવ્યવસ્થાના મુદ્દે પત્રકારોએ તેમનો બહિષ્કાર કર્યો હતો અને બહાર નિકળી ગયા હતા.જેનાથી નારાજ થઈને કેન્દ્રીય કૃષિ મંત્રી રાધામોહનસિંહે પત્રકારોને તેમની આંખો કાઢી લેવાની ધમકી ઉચ્ચારી હતી.

હકિકતમાં મોતીહારીમાં મહાત્મા ગાંધી કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયનો વાર્ષિક કાર્યક્રમ હતો જેમાં તેઓ મુખ્ય મહેમાન હતા.જ્યારે પત્રકારોએ ત્યાંની બેઠક વ્યવસ્થા વિશે નારાજગી પ્રગટ કરી ત્યારે મંત્રીએ તેમનું નિયંત્રણ ગુમાવી દીધું હતું.તેણે પોતાના પ્રવચનમાં કહ્યુ કે જ્યાં આપણું ભવિષ્ય હોય છે ત્યાં કોઈ જો આપણને આંખો બતાવવાનો પ્રયાસ કરે તો સમાજ તેમનીઆંખો કાઢી લેશે.પછી ભલે તે પત્રકાર જ કેમ ના હોય. તેઓ આટલે થી અટક્યા નહોતા તેમણે આગળ કહ્યુ હતું કે લોકોએ ડાકણ પાસેથી કંઈક શીખવું જોઈએ કેમકે ડાકણ પણ એક ઘર છોડી દે છે.પત્રકારો વ્યવસ્થા બાબતે નારાજ થતાં ત્યાંથી ચાલ્યા ગયા હતા.મોટાભાગના ભાજપી નેતાઓને પોતાની જીભ પર લગામ લગાવવાની આવડત નથી.પરિણામે અણછાજતું બોલી નાંખ્યા બાદ વારંવાર મીડીયાએ તોડી મરોડીને રજુ કર્યુ છે તેવું નાટક કરે છે.

# સબસે બડા રાવણ તો દિલ્હીમે રહેતા હૈ : આઝમ ખાન સમાજવાદી પાર્ટી નેતા

યુપીના રામપુરમાં સમાજવાદી પાર્ટીના સિનિયર નેતા આઝમ ખાને એક ચુંટણી સભાને સંબોધન કરતાં વડાપ્રધાન મોદી પર ટીકા કરતાં કહ્યુ હતું કે તેઓ એટલે કે વડાપ્રધાન મોદી ૧૩૧ કરોડ ભારતીયોના બાદશાહ છે પણ રાવણ દહન માટે તેઓ લખનઉ જાય છે.રાવણને શોધવા તેમણે લખનઉ જવાની જરુર નથી.સૌથી મોટો રાવણ તો દિલ્હીમાં જ છે. લખનઉમાં નહી. આઝમખાને મોદીના મોંઘાદાટ કપડાંને પણ નિશાન બનાવ્યા હતા.

એક સભામાં આઝમખાને કહ્યુ હતું કે ચા વેચનારા પાસે મોંઘાદાટ કપડાંઓ કયાંથી આવ્યા ? મોદીજીએ છેલ્લા બે વર્ષમાં ૮૦ કરોડના કપડાં બનાવડાવ્યા છે.આવનારા પાંચ વર્ષમાં બીજા ૨૦૦ કરોડના કપડાં સીવડાવશે.જો મોદી ચા વેચા હોય અને મજુરના પુત્ર હોય તો તેમની પાસે આટલા મોંઘા કપડાં આવ્યા ક્યાંથી ? આ જવાબ તેમણે મને નહીં આખા દેશને આપવાનો છે.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# પાકિસ્તાનમાં શાહરુખખાનની તાજેતરમાં રીલીઝ થયેલી 'રઇશ' ફિલ્મ પર પ્રતિબંધ લગાવાયો છે

શાહરુખ ખાનની તાજેતરમાં રીલીઝ થયેલી ફિલ્મ રઈસ ને પાકિસ્તાનમાં રીલીઝ કરવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.પાકિસ્તાનના સેન્સર બોર્ડે કહ્યુ હતું કે રઈસ ફિલ્મમાં મુસ્લીમોને અયોગ્ય રીતે રજુ કરવામાં આવ્યા છે.શાહરુખના પ્રસંશકો આતુરતાથી આ ફિલ્મની રાહ જોતા હતા. આ ફિલ્મ પાકિસ્તાનમાં રિલીઝ થવાની હતી. ત્રણ દિવસ અગાઉ જ પાકિસ્તાન સેન્સર બોર્ડે રઈસને પ્રતિબંધિત કરવામાં આવી છે તેવા સમાચારો આપ્યા હતા.પાકિસ્તાની મીડીયાના સુત્રોના જણાવ્યા પ્રમાણે સેન્સર બોર્ડમાં સુરક્ષા એજન્સીઓના પ્રતિનિધિ પણ આ નિર્ણયમાં સામેલ હતા.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર

**બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

## સંઘ પરિવાર સાથે સંકળાયેલા કેટલાક ભાજપના નેતાઓ ચુંટણી ટાણે ધર્માંતરણ કે ખ્રિસ્તીઓ સામે જે આરોપો મુકે છે તે સાચા છે કે ખોટા તે જાણવું જરુરી છે

છેલ્લા કેટલાક સમયથી સંઘ પરિવાર એવું કહ્યા કરે છે કે, ખ્રિસ્તી મિશનરીઓની ધર્માંતરની પ્રવૃત્તિઓને લીધે ભારતમાં ખ્રિસ્તીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે જે હિંદુઓ માટે ભારે ખતરારુપ છે. આના પ્રત્યાઘાતો રૂપે દેશમાં ક્યાંક ક્યાંક કેટલાક અઘટિત બનાવો બનવા લાગ્યા છે જેવાકે, ખ્રિસ્તી દેવળો પર હુમલા, તોડફોડ અને ખ્રિસ્તીઓ ઉપર હુમલા, સંઘ પરિવાર આવો દાવો કરે છે તો ખરેખર સત્ય હકીકત શી છે તેની ખાતરી કરી લઈએ.

(૧) ધર્માંતરની બેફામ ચાલતી પ્રવૃત્તિને કારણે ખ્રિસ્તીઓની વસતિમાં વધારો થાય છે અને હિંદુઓની વસતી ઘટતી જવા માંડી છે.

ભારતમાં ખ્રિસ્તી ધર્મ આવ્યે લગભગ ૨૦૦૦ વર્ષ થયાં છે. હજારોની સંખ્યામાં દેશી અને વિદેશી મિશનરીઓએ ધર્મનો પ્રચાર કર્યો છે ને તેની પાછળ કરોડો રુપીયાનું ધુમ ખર્ચ કર્યું છે.જે જગજાહેર છે. તેમ છતાં ખ્રિસ્તીઓની વસતી આવી છે : ૧૯૭૧માં ૨.૬% હતી જે ઘટી જઈને ૨૦૦૧માં માત્ર ૨.૩% થઈ ગઈ છે. ૨૦૧૧ની વસતી ગણતરીના આંકડા ઉપલબ્ધ નથી પરંતુ જાણવા મળે છે કે એમાં હજી પણ ઘટાડો થયો છે.ઘટાડો થાય છે તેની પાછળનું કારણ એ છે કે ખ્રિસ્તીઓમાં શિક્ષણનું પ્રમાણ ઊંચુ હોવાના કારણે તેઓ પરિવારનું સમજપુર્વક આયોજન કરે છે ; દીકરો- દીકરી વચ્ચે ભેદ રાખતા નથી તથા ભ્રૃણહત્યાને પાપ માને છે. એટલે પરિવારમાં દીકરો જ હોવો જોઈએ એવો તેઓ હઠાગ્રહ રાખતા નથી.દીકરીને પણ એટલો જ આવકાર છે જેટલો દીકરાને છે.

એથી ઉલટું, હિંદુઓ પ્રથમ વાર લંડન(ઈગ્લન્ડ)માં ૨૦૦૦માં નહી, પણ આશરે ૨૦૦ વર્ષ પહેલાં આવ્યા હતા.આજે ત્યાં હિંદુઓની વસતી કેટલી છે ? અર્ધો ટકો ? ૧% ? વાસ્તવમાં ૫ ટકા છે.ભારતમાં વસતા ખ્રિસ્તીઓની વસતી કરતાં બમણી ! અને લંડન તો માત્ર એક શહેર છે. આખા ઈગ્લેન્ડ દેશની વાત કરીએ તો સમગ્ર દેશમાં હિંદુઓની વસ્તી ૧.૩% છે. આમાં શીખોનો સમાવેશ કરીએ( જેમને સંઘ પરિવાર હિંદુ માની લે છે.) તો ઈગ્લેન્ડમાં હિંદુઓની વસતી કુલ્લે ૧.૯ % થાય. અને આ ટકાવારી ક્રમશ : વધતી જાય છે.ભારતમાં ૨૦૦૦ વર્ષ પહેલાં ખ્રિસ્તી ધર્મ આવ્યો ને ધર્માંતર પ્રવૃત્તિનો આરંભ કર્યો હોવા છતાં તેમની વસ્તી માત્ર ૨.૩ % છે.હવે તમે જાતે જ ઊભય કમ્યુનીટીની વસતીની ટકાવારીની સરખામણી કરી જુઓ !

હવે બીજા દેશોમાં હિંદુઓની વસતિના આંકડા પર નજર નાખીએ. ન્યુઝીલેન્ડ : ૨%, કેનેડા : ૧.૬% ઓસ્ટ્રેલીયા : ૧.૨૮ %,મલેસીયા : ૬.૩ % અને ઈન્ડોનેશીયા : ૧.૬૯ % આપણા પાડોશી દેશો શ્રીલંકા,ભુતાન,ફીજી,મોરીસ્યસની વાત કરીએ તો ત્યાં હિંદુઓની વસ્તીની ટકાવારી હજીએ ઊચી છે.

આંકડા સહિતની આ હકીકતને લક્ષ્યમાં લઈને ખરેખર તો ભારતમાં ખ્રિસ્તીઓની વસતી કેમ વધે છે એવો નહી ,પણ ખ્રિસ્તીઓની વસતી વધતી કેમ નથી એવો પ્રશ્ન પુછવો જોઈએ છે.આવા પ્રશ્નનો જવાબ એ છે કે હિંદુ ધર્મ બધામાં અને બધેજ ઈશ્વરનો વાસ છે.(પેન્થેઈઝમ) એવું માને છે.એટલે પ્રથમ વખત ખ્રિસ્તી ધર્મને એવી એક સંસ્કૃતિ,સાંસ્કૃતિક માહોલ અને એક ધર્મ(હિંદુ ધર્મ)નો સંપર્ક થયો જેને અન્ય ધર્મો સાથે ( ખ્રિસ્તી ધર્મ સાથે પણ) ટકરાવાની જરુર લાગતી નહોતી અને ખ્રિસ્તી ધર્મનો સ્થાપક કંઈક અલગ પ્રકારનો કે વિશિષ્ટ પ્રકારનો હોય એવું પણ જણાયું નહી. એક વિદ્વાન હિંદુએ કહ્યું છે “ અમારે હિંદુઓને ધર્માંતર કરવાની જરુર નથી.અમારો ધર્મ ખ્રિસ્તી ધર્મ કરતાં ચડિયાતો છે.એ રીતે અમે ખ્રિસ્તીઓ કરતાં પણ વધુ શ્રીમંત છીએ “ ગાંધીજી કે જેમને ભગવાન ઈસુનો ઉપદેશ, ખાસ કરીને ગીરી પ્રવચન અતિ પ્રિય હતું તેમને પણ આના કારણે ધર્માંતર કરીને ખ્રિસ્તી બનવાનું જરુરી લાગ્યું નહી. એટલે , જયાં પ્રજા હિંદુ ધર્મમાં નહોતી સમાવાઈ તેવા ભારતના ઉ.પુ.(નોર્થ ઈસ્ટ)પ્રદેશો તથા આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી ધર્મ સરળતાથી પ્રસરી શક્યો ને તેને સફળતા મળી.અન્ય વિસ્તારોમાં નહીં. આ સિવાયના બીજા વિસ્તારોમાં ખ્રિસ્તી ધર્મ ફેલાયો હોય( જુજ સંખ્યામાં) તો તેની પાછળના મુખ્ય કારણો જ્ઞાતિ ભેદભાવના કારણે થતો અન્યાય,અસ્પૃશ્યતા, શોષણ તથા દારૂણ ગરીબીમાંથી છુટકારો મેળવવો એ હતાં.

ખ્રિસ્તીઓની વસતીની પરિસ્થિતિ એશિયા ખંડના બીજા રાષ્ટ્રોમાં પણ લગભગ સરખી છે. દા.ત.એશિયા- ઈન્ડોનેશીયાઃ ૯.૮%, દ.કોરીયા : ૨૯.૩ %, ફિલિપાઈન્સ ૮૫.૫ %. શ્રીલંકા : ૭.૫ % મ્યાનમાર ૭.૯ %, રાક્ષસી કદ ધરાવતા ચીનદેશમાં જયાં ખ્રિસ્તી ધર્મ ભારત કરતાં સદીઓ મોડો આવ્યો અને સામ્યવાદીઓનું શાસન હોવા છતાં તેને ભારત કરતાં પણ વધુ ફળદ્રુપ ભુમિ પ્રાપ્ત થઈ અને અમેરિકા તથા સબ -સહારા આફ્રિકા પ્રદેશની સાથે સરખાવતાં તેને સારી એવીસફળતા મળી છે.આજે ચીનમાં ખ્રિસ્તીઓની વસ્તી ૪-૫ % છે. જે ભારત દેશ કરતાં વધુ છે.

હવે વિશ્વની પરિસ્થિતિ પર નજર નાખીએ. અહીં હિદું ધર્મની સામે કોઈ પડકાર દેખાય છે ? ના, બિલકુલ નહી. હિંદુઓ આજે વિશ્વની વસતિના ૧૫ % છે.બૌધ્ધો : ૭.૧ % મુસ્લીમો ૨૩.૨ % અને ખ્રિસ્તીઓ ૩૧.૫ %. વળી હકીકત એવી છે કે વિશ્વમાં હિંદુઓની વસતી ઘટતી નહી, પણ સતત વધતી જાય છે! એક સદી પુર્વે હિંદુઓ વિશ્વની વસતીના માત્ર ૧૪% કરતાં પણ ઓછા હતા ! એટલે (વૈશ્વિક દૃષ્ટિએ) ખરેખર તો કોઈ ધર્મે ચિંતા કરવાની હોય તો તે હિંદુ ધર્મે નહી, પણ ખ્રિસ્તી ધર્મએ છે.

ભૌતિકવાદના આ યુગમાં આજે યુરોપ અમેરિકામાં વધુને વધુ ખ્રિસ્તીઓ નાસ્તિક થતા જાય છે યા તો અન્ય ધાર્મિક કે એવી માન્યતાઓ(રજનીશ,મહેશ યોગી, સ્વામી દયાનંદ વગેરેઃ તરફ વળવા લાગ્યા છે. આમ આજે ખ્રિસ્તીઓની વસતિ ત્યા ઘટીને ૫૯.૩% થઈ ગઈ છે.વળી, હવે તો યુરોપ અમેરિકામાં ખ્રિસ્તી દેવાલયો-ઉપાસના ગૃહો વેચાવા માંડ્યા છે યા તો શોપીંગ મોલ કે ઓફીસ માટે વપરાય છે.પુરોહિતોની પણ અછત ઊભી થઈ છે. જેને કારણે વિયેટનામ, કોરીયા અને ભારતમાં તેમની આયાત કરાય છે.અમેરિકામાં ખ્રિસ્તીઓની વસતી આજે ૭૭% છે જેની સરખામણીમાં ભારતમાં હિંદુઓની વસતી ૭૮.૩% છે.એનો અર્થ એવો થયો કે હિંદુ ભારત દેશ કરતાં યુરોપ અમેરિકા વધુ ઓછા ખ્રિસ્તી દેશો-પ્રદેશો બની ગયા છે. અને બનતા જાય છે.

એટલે ભવિષ્યમાં સંઘ પરિવારનો કોઈ સભ્ય એવું કહે કે ભારતમાં ખ્રિસ્તીઓની વસતી કુદકે ને ભુસકે વધતી જવાને કારણે ખતરો ઉભો થવાનો સંભવ છે તો એનો અર્થ એવો થયો કે એ કાં તો અબુધ-અજ્ઞાની છે અથવા તો જાણી જોઈને જુઠ્ઠુ બોલે છે.

તાજેતરમાં કેન્દ્રીય રાજ્ય ગૃહમંત્રી કિરણ રજ્જુએ હિદુઓની વસતી ઘટી રહી છે તેવા નિવેદનો કર્યા હતા. જેમાં લઘુમતીઓની વસતી વધતી જાય છે અને હિદુઓની ચિંતાજનક સ્થિતિ છે.જો કે તેઓ જે વિભાગના મંત્રી છે તે આ પ્રમાણેના નિવેદનો કરે તો તે હાસ્યાસ્પદ કહેવાય તેમની પાસે પુરતી વિગતો હોવી જરુરી છે.પરંતુ ચુંટણી ટાણે મતો મેળવવા માટે આવા બેફામ વાણી વિલાસ કરતાં રહે છે.પરંતુ તેની ખરાબ અસરો પેદા થાય છે. તેથી અમારા સુજ્ઞ વાચકોના હિતમાં આ પ્રશ્ન એગેની વિગતવાર માહીતી અહીયા ઉપલબ્ધ કરવામાં આવી છે. જે માત્ર ભારત જ નહીં પરુંતુ સમગ્ર વિશ્વ સ્તરની માહીતી છે.

## એક વર્ષમાં તમામ મોબાઈલ યુઝર્સની ઓળખ કરવા સુપ્રીમ કોર્ટનો આદેશ

એક વર્ષની અંદર દેશભરના તમામ મોબાઈલ ધારકોની ઓળખ કરી લેવા માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિર્દેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે સરકારને નિર્દેશ આપતાં કહ્યુ છે કે હાલના મોબાઈલ યુઝર્સની ઓળખ ચકાસવાની કારગત વ્યવસ્થા એક વર્ષની અંદર શરુ કરવામાં આવે.ચીફ જસ્ટીસ ખેહર અને ન્યાયમુર્તિ એન.વી.રમણની બેન્ચે કહ્યુ હતું કે પ્રી-પેઈડ યુઝર્સની સંખ્યા કરોડોમાં છે.અને તેમની ઓળખની ચકાસણી એક વર્ષની અંદર થવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે આ મામલે બિનસરકારી સંગઠન લોકનીતિ ફાઉન્ડેશનની જનહીત અરજી પર સુનાવણી કહી હતી.આ અરજીમાં જણાવાયું હતું કે મોબાઈલ ફોન્સનો ઉપયોગ હવે બેન્કીંગના હેતુથી પણ કરવામાં આવી રહ્યો છે અને એ રીતે તેનોવપરાશ પણ વધશે તેથી પણ પ્રિપેઈડ યુઝર્સની ઓળખ અંગે ચકાસણી થવી આવશ્યક છે. આ ઉપરાંત ખોટી ઓળખથી મેળવાયેલા સિમ કાડસ દ્વારા દેશની સુરક્ષા માટે પણ જોખમ થઈ શકે છે. કોર્ટે આ સાથે એનજીઓ દ્વારા ડીઓટી અને ટ્રાઈ તેમને લખેલા પત્રોનો જવાબ આપે એવો પણ નિર્દેશ આપ્યો છે.

દુનિયાની સૌથી મોટી બેંક, બેંક ઓફ અમેરીકા છે.

ભારતમાં પ્રથમ મેડીકલ કોલેજ એસ્કોલા મેડીકા ગોવામાં સ્થાપવામાં આવી હતી.

કોમ્પ્યુટરના માઈક્રો સરકીટ,ફાઉન્ટન પેન, ઘડીયાળો, કોશ્યુમ અને ઈલેક્ટ્રોનીક ઉદ્યોગોમાં એક હજાર ટનથી વધારે સોનું વપરાય છે.એકલું જાપાન ઈલેકટ્રોનિક્સ ઉદ્યોગમાં બસો એસી ટન સોનું વાપરે છે.



વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સંબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.